# ખાસ સાધારણ સભાની કાર્યવાહી નોંધ - તા. ૦૯/૦૬/૨૦૨૩

તારીખ: ૦૯/૦૬/૨૦૨૩
સ્થળ: ઉમિયા માતાનું મંદિર,
ઉમિયા ધામ, ઊંજા.
સમય: ૧૦:૦૦ કલાકે સવારે,
કુલ સભ્યો: ૯૨
કોરમ માટે જરૂરી સંખ્યા : ૩૧
હાજર સભ્યોની સંખ્યા: ૪૦

શ્રી જામનગર જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની ખાસ સાધારણ સભા તા. ૦૧/૦૬/૨૦૨૩ ના પરિપત્ર થી જણાવ્યા મુજબ ઉપરોક્ત સ્થળ અને સમયે નીચેના એજેન્ડા સબબ બોલાવવામાં આવે છે.

૧. ગત સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત.
૨. અંદાજપત્ર બાબત.
૩. સભાસદ ભેટ અંગે.
૪. ધ્રોલ મુકામે ચિલિંગ સેન્ટર ખરીદવા અંગે કલમ ૭૧ હેઠળ કરેલ અરજી અંગે.
૫. લાલપુર મુકામે ચિલિંગ સેન્ટર બાંધકામ માટે કલમ ૭૧ હેઠળ મંજૂરી મેળવવા અંગે.
૬. મંત્રી માટે મેડીકલ વીમા અંગે.
૭. પ્રમુખ સ્થાનેથી અથવા તેમની મંજૂરીથી જે રજુ થાય તે અંગે યોગ્ય નિર્ણય કરવા બાબત.

જેમાં નીચે મુજબ હાજર રહેલ સભ્યોથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

| ક્રમ નં. | મંડળીનું નામ | ગામ | તાલુકો | પ્રતિનિધિનું નામ |
|---|---|---|---|---|
| ૧. | શ્રી હરિપર દૂ.ઉ.સહ.મં.લી. | હરિપર(ખંઢેરા) | કાલાવડ | કાંતિલાલ એલ. ગઢીયા |
| ૨. | શ્રી હડિયાણા દૂ.ઉ.સહ.મં.લી. | હડિયાણા | ધ્રોલ | શામજીભાઈ જીવરાજભાઈ કાનાણી |
| ૩. | શ્રી બજરંગ દૂ.ઉ.સહ.મં.લી. | વાંકીયા | ધ્રોલ | શામજીભાઈ મનજીભાઇ કાલાવડીયા |
| ૪. | શ્રી કોંજા દૂ.ઉ.સહ.મં.લી. | કોંજા | જામનગર | મનસુખભાઈ બાવજીભાઇ કોરાટ |
| ૫. | શ્રી ચંગા દૂ.ઉ.સહ.મં.લી. | ચંગા | જામનગર | અજીતસિંહ રામસંગ પીંગળ |
| ૬. | શ્રી દોઢિયા દૂ.ઉ.સહ.મં.લી. | દોઢિયા | જામનગર | યોગેન્દ્રસિંહ ચંદ્રુભા ચાવડા |
| ૭. | શ્રી પિપરટોડા દૂ.ઉ.સહ.મં.લી. | પિપરટોડા | લાલપુર | ક્રિપાલસિંહ દેવુભા જાડેજા |
| ૮. | શ્રી નાની માટલી દૂ.ઉ.સહ.મં.લી. | નાની માટલી | જામનગર | લામકા રણમલભાઈ |
| ૯. | શ્રી મોટી માટલી મહિલા દૂ.ઉ.સહ.મં.લી. | મોટી માટલી | કાલાવડ | સવિતાબેન ગોહિલ |
| ૧૦. | શ્રી મિયાત્રા દૂ.ઉ.સહ.મં.લી. | મિયાત્રા | જામનગર | અરશીભાઈ છુછર |
| ૧૧. | શ્રી ગોવાણા મહિલા દૂ.ઉ.સહ.મં.લી. | ગોવાણા | લાલપુર | મંજુબેન ભાયાભાઈ કરમુર |
| ૧૨. | શ્રી મોટી રાફુદળ દૂ.ઉ.સહ.મં.લી. | મોટી રાફુદળ | લાલપુર | વિનોદભાઇ મોહનભાઇ વાડોલીયા |
| ૧૩. | શ્રી મેમાણા દૂ.ઉ.સહ.મં.લી. | મેમાણા | લાલપુર | કરણસિંહ ભીખુભા જાડેજા |
| ૧૪. | શ્રી વાવડી દૂ.ઉ.સહ.મં.લી. | વાવડી | લાલપુર | કિશોરભાઇ અરજણભાઇ કાંબરીયા |
| ૧૫. | શ્રી આરબલૂસ દૂ.ઉ.સહ.મં.લી. | આરબલૂસ | લાલપુર | પ્રદીપસિંહ જીતુભા જાડેજા |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬. | શ્રી વડવાળા દૂ.ઉ.સહ.મં.લી. | વડવાળા | જામજોધપુર | સંદીપભાઈ મુળુભાઇ ગરસર |
| ૧૭. | શ્રી વાંસજાળિયા દૂ.ઉ.સહ.મં.લી. | વાંસજાળિયા | જામજોધપુર | રામભાઇ મુળુભાઇ હૂણ |
| ૧૮. | શ્રી ડેરી આંબરડી દૂ.ઉ.સહ.મં.લી. | ડેરી આંબરડી | જામજોધપુર | રાજેશભાઈ અરવિંદભાઇ પીપરોતર |
| ૧૯. | શ્રી ભૂપત આંબરડી મહિલા દૂ.ઉ.સહ.મં.લી. | ભૂપત આંબરડી | જામજોધપુર | રમાબેન બાબુભાઇ કંડોરીયા |
| ૨૦. | શ્રી ઈશ્વરીયા મહિલા દૂ.ઉ.સહ.મં.લી. | ઈશ્વરીયા | જામજોધપુર | રૂપીબેન મેશૂરભાઈ બેડીયાવદર |
| ૨૧. | શ્રી જશાપર દૂ.ઉ.સહ.મં.લી. | જશાપર | જોડિયા | કિશનભાઈ વિરમભાઇ ગમારા |
| ૨૨. | શ્રી બમથીયા દૂ.ઉ.સહ.મં.લી. | બમથીયા | જામજોધપુર | હરદાસભાઈ અરજણભાઈ કંડોરીયા |
| ૨૩. | શ્રી મોટા વડીયા દૂ.ઉ.સહ.મં.લી. | મોટા વડીયા | જામજોધપુર | કિશોરભાઇ વિઠ્ઠલભાઈ ગાગીયા |
| ૨૪. | શ્રી પાળેશ્વરનેશ દૂ.ઉ.સહ.મં.લી. | પાળેશ્વરનેશ | જામજોધપુર | બાવનભાઈ બટુકભાઇ કરોતરા |
| ૨૫. | શ્રી સોગઠી દૂ.ઉ.સહ.મં.લી. | સોગઠી | જામજોધપુર | કેશવભાઈ નાથાભાઇ પરમાર |
| ૨૬. | શ્રી મેલાણ દૂ.ઉ.સહ.મં.લી. | મેલાણ | જામજોધપુર | મુરૂભાઈ નારણભાઇ |
| ૨૭. | શ્રી કડબાલ મહિલા દૂ.ઉ.સહ.મં.લી. | કડબાલ | જામજોધપુર | કુવરબેન હરદાસભાઈ |
| ૨૮. | શ્રી મોટા ગરેડીયા મહિલા દૂ.ઉ.સહ.મં.લી. | મોટા ગરેડીયા | ધ્રોલ | વર્ષાબેન શાંતિભાઈ |
| ૨૯. | શ્રી લૈયારા દૂ.ઉ.સહ.મં.લી. | લૈયારા | ધ્રોલ | કુલદીપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા |
| ૩૦. | શ્રી ધ્રોલ દૂ.ઉ.સહ.મં.લી. | ધ્રોલ | ધ્રોલ | દિલીપભાઇ વશરામભઇ વરૂ |
| ૩૧. | શ્રી ખાખરા દૂ.ઉ.સહ.મં.લી. | ખાખરા | ધ્રોલ | અજયસિંહ દશરથસિંહ ગોહિલ |
| ૩૨. | શ્રી બાલંભા દૂ.ઉ.સહ.મં.લી. | બાલંભા | જોડિયા | મંગાભાઈ હિરાભાઈ બતાળા |
| ૩૩. | શ્રી ધ્રાંગડા દૂ.ઉ.સહ.મં.લી. | ધ્રાંગડા | જામનગર | રોહિતભાઈ ભોજાભાઈ બાંભવા |
| ૩૪. | શ્રી લીંબુડા દૂ.ઉ.સહ.મં.લી. | લીંબુડા | જોડિયા | મહેશભાઈ ખીમજીભાઇ |
| ૩૫. | શ્રી પીઠળ દૂ.ઉ.સહ.મં.લી. | પીઠળ | જોડિયા | બીજલભાઈ હિરાભાઈ બાંભવા |
| ૩૬. | શ્રી માણેકપર દૂ.ઉ.સહ.મં.લી. | માણેકપર | ધ્રોલ | વજાભાઈ વિરાભાઈ ભૂંડીયા |
| ૩૭. | શ્રી મોટા વાગુદળ દૂ.ઉ.સહ.મં.લી. | મોટા વાગુદળ | ધ્રોલ | રેવતુભા ટપુભા જાડેજા |
| ૩૮. | શ્રી નાના વાગુદળ દૂ.ઉ.સહ.મં.લી. | નાના વાગુદળ | ધ્રોલ | જાડેજા જીતેન્દ્રસિંહ જી. |
| ૩૯. | શ્રી મોટા સગારીયા દૂ.ઉ.સહ.મં.લી. | મોટા સગારીયા | ધ્રોલ | યશપાલસિંહ જાડેજા |
| ૪૦. | શ્રી ગઢડા દૂ.ઉ.સહ.મં.લી. | ગઢડા | ધ્રોલ | ભરતસિંહ કાનભા જાડેજા |

કોરમ પૂર્ણ થતાં આજની સભાનું કામકાજ આપણા સંઘના ચેરમેન શ્રી કાંતિલાલ એલ. ગઢીયાના અધ્યક્ષ સ્થાને હાથ ધરવામાં આવે છે.

**ઠરાવ નં. ૧: ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ વંચાણે લઈ બહાલી આપવા બાબત:**

આપણા સંઘની છેલ્લી સાધારણ સભા તા. ૦૫/૦૮/૨૦૨૨ ના રોજ ચામુંડા માતાનું મંદિર, સમસ્ત કોળી સમાજ વાડી, હાલાર દૂધ ધારા, બીએમસી નજીક, હાપા, જામનગર મુકામે મળેલ જેમાં થયેલ ઠરાવ નં. ૧ થી ૧૪ સભા સમક્ષ વંચાણે લેતા તેને સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

**ઠરાવ નં. ૨: અંદાજપત્ર બાબત:**

આપણાં સંઘમાં દર વર્ષે નીયામક મંડળ દ્વારા આવક – ખર્ચ તેમજ મુડી રોકાણ તેમજ ખર્ચની સમીક્ષા કરી બનાવેલ અંદાજપત્ર વાર્ષિક સાધારણ સભાની મંજુરી માટે રજુ કરવામાં આવે છે.

જે અંગે આ વર્ષે સંઘના ધ્યેયો અને તે ધ્યેય સિધ્ધ થાય તે માટેના વ્યુહાત્મક ક્ષેત્રોમાં જરૂરી કામગીરી નક્કી કરવા માટે આજે બોલાવેલ કાર્યશાળામાં જે કઈ નક્કી થાય તે મુજબ અંદાજપત્રમાં જોગવાઈ કરી સંઘની વાર્ષીક સાધારણ સભામાં રજુ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

ઠરાવ નં. 3: **સભાસદ ભેટ અંગે**:

આથી ઠરાવવામાં આવે છે કે દૂધ ભરતી બધી મંડળીઓને સભાસદ ભેટ આપવા માટે રાજ્ય રજીસ્ટ્રારના સુચવેલા નિયમોની મર્યાદામાં રહીને ખર્ચ કરવા નિયામક મંડળને જરૂરી સત્તા આપવામાં આવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર

ઠરાવ નં. ૪ : **ધ્રોલ મુકામે ચિલિંગ સેન્ટર ખરીદવા અંગે કલમ ૭૧ હેઠળ કરેલ અરજી અંગે**:

ધ્રોલ મુકામે ચીલીંગ સેન્ટર બાબતે નીચેની વિગતે કરેલ કાર્યવાહી ધ્યાને લીધી.

તા. ૨૮/૦૯/૨૦૧૭ ના રોજ મળેલ વ્યવસ્થાપક કમિટીની મીટીંગમાં વિવિધ તાલુકા સેન્ટરોએ ચિલિંગ સેન્ટર ખોલવા નક્કી કરવામાં આવેલ.

તા. ૨૯/૧૧/૨૦૧૭ ના રોજ મળેલ વ્યવસ્થાપક કમિટીની મીટીંગમાં નવા ચિલિંગ સેન્ટર માટે દુધ સંઘે જગ્યા ભાડે રાખવા નક્કી કરવામાં આવેલ.

જે મુજબ ધ્રોલ મુકામે હાલમાં ચાલુ હાલાર દુધ ધારા બીએમસી વાળી જગ્યાનો ૫ વર્ષના ભાડા પેટે ભાડા કરાર થયેલ.

ધ્રોલ મુકામે સંઘની માલિકીના ચિલિંગ સેન્ટર માટે સંઘની તા. ૨૪/૦૯/૨૦૨૧ ના રોજ મળેલ સાધારણ સભામાં તે માટે જરૂરી અંદાજીત રકમ ૧૦૦ લાખની જોગવાઈ મંજુર કરવામાં આવેલ.

તા. ૦૯/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ વ્યવસ્થાપક સમિતીની મીટીંગમાં ધ્રોલ મુકામે જમીન ખરીદી અંગે જાહેરાતના સંદર્ભમાં મળેલ અરજીઓ સામે સ્થળ તપાસણી કરી તેની યોગ્યતા ચકાસેલ તેમજ તેમની સાથે નેગોશીએશન કરવા આપણાં સંઘના ચેરમેનશ્રીને સત્તા આપવામાં આવેલ.

તા. ૨૨/૦૨/૨૦૨૩ ના રોજ ધ્રોલ ખાતે આયોજીત સાધારણ સભા આયોજન અને તાલીમ દરમ્યાન આપણાં સંઘના ચિલિંગ સેન્ટર ખરીદી માટે લાયક જગ્યા ધ્યાને આવેલ. જેથી તા. ૨૯/૦૧/૨૦૨૦ ના રોજ મળેલ ખાસ સાધારણ સભાના ઠરાવથી મળેલ પૂર્વ મંજૂરીથી તા. ૧૦/૦૩/૨૦૨૩ ના પત્રથી કલમ – ૭૧ હેઠળ મંજુરી માટે જરૂરી સાધનિક કાગળો સાથેની દરખાસ્ત જીલ્લા રજીસ્ટ્રારને મંજુરી અર્થે રૂબરૂ બજાવેલ.

ઉપરોક્ત દરખાસ્ત મંજુરી અર્થે જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા ફોરવર્ડીંગ પત્ર ક્રમાંક – અજન/ખ-૩/૬૮/૬૯/૬૭૧/૨૦૨૩ તા. ૧૫/૦૩/૨૦૨૩ થી રાજ્ય રજીસ્ટ્રારશ્રીની કચેરીએ મોકલી આપેલ.

વિવિધ સ્તરે કરેલ ફોલોઅપબાદ રાજ્ય રજીસ્ટ્રારશ્રી દ્વારા તા. ૨૪/૦૪/૨૦૨૩ના ઈ-મેઈલથી જીલ્લા રજીસ્ટ્રારશ્રીને દિન – ૧૦ ની સમય મર્યાદામાં સ્પષ્ટતા સાથે તેમના સ્પષ્ટ અભિપ્રાય સહ મોકલી આપવા જણાવેલ. જે ના મુદ્દાઓની પુર્તતા માટે આપણાં સંઘને જાણ કરવામાં આવેલ.

જે અંગે તા. ૨૬/૦૪/૨૦૨૩ ના રોજ, જણાવેલ મુદ્દાઓની પુર્તતા આધાર સાથે આપણાં સંઘના પત્ર ક્રમાંક ધ્રોલ ચિલિંગ સેન્ટર ખરીદી/૨૦૨૩-૨૪/૩૪ થી મેઈલ દ્વારા રાજ્ય રજીસ્ટ્રારશ્રીની કચેરીએ તેમજ રૂબરૂ જીલ્લા રજીસ્ટ્રારશ્રી જામનગરને સ્પષ્ટ અભિપ્રાય સાથે મોકલી આપવા વિનંતી સહ જણાવેલ.

જે અંગે વિવિધ સ્તરોએ વારંવારના ફોલોઅપ બાદ તા. ૧૧/૦૫/૨૦૨૩ ના રોજ જીલ્લા રજીસ્ટ્રાર જામનગર વતી તેમની ટેલિફોનિક સુચનાથી જિલ્લા રજીસ્ટ્રાર કચેરી દ્વારા પત્ર ક્રમાંક- અજન/ખ-૩/૮૮/૮૯/૨૦૨૩ થી સંયુક્ત રજીસ્ટ્રાર (વાણિજ્ય) ને સંઘ દ્વારા કરેલ પુર્તતાના સંદર્ભમાં આગળની ઘટતી કાર્યવાહી કરવા વિનંતી કરેલ.

જે બાદના હાલ પર્યંત સુધી રાજ્ય રજીસ્ટ્રાર કચેરી સાથેના ટેલિફોનિક ફોલોઅપમાં કલમ-૭૧ હેઠળ મંજૂરી અંગે કોઈ દાદ મળેલ નથી.

ઉપરોક્ત વિગતો ધ્યાને લેતા રજીસ્ટ્રારશ્રીની કચેરી દ્વારા કલમ-૭૧ હેઠળ મંજૂરી આપવામાં વિલંબ થતો જણાય છે અને હજુ પણ મંજૂરી ક્યારે મળે તેવી સ્પષ્ટતા થતી નથી. ઉપરાંત ધ્રોલ ચીલીંગ સેન્ટરની હાલની ભાડાની જગ્યા ખાલી કરવા તા. ૦૧/૦૬/૨૦૨૩ ના રોજ નોટિસ મળેલ છે.

આથી ઠરાવવામાં આવે છે કે સંઘના નિયામક મંડળ દ્વારા હાલમાં માહી ડેરી દ્વારા ભાડેથી ચાલતાં ચીલીંગ સેન્ટરની (કુમકુમબા યશપાલસિંહ જાડેજાની માલીકીની) જગ્યા રૂ. ૭૫,૦૦,૦૦૦/- ના ભાવથી ખરીદ કરવા કરેલ કાર્યવાહી વ્યાજબી અને સંઘના ધ્રોલ મુકામે દૂધ ખરીદી માટે આવનારા વર્ષોમાં અત્યંત અગત્યની હોય.

ઉપરોક્ત જગ્યા ખરીદવા માટે આજની સભા નિયામક મંડળને તાત્કાલિક અસરથી કાર્યવાહી કરવા સર્વાનુમતે મંજૂરી આપે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

**ઠરાવ નં. ૫: લાલપુર મુકામે ચિલિંગ સેન્ટર બાંધકામ માટે કલમ ૭૧ હેઠળ મંજૂરી મેળવવા અંગે:**

આપણાં સંઘની માલીકીની લાલપુર તાલુકાનાં નવી પીપર મુકામે આવેલ જમીન પર બાંધકામ કરવાનું હોય, તે માટે નિયામક મંડળ દ્વારા કન્સલ્ટન્ટ રોકી કરેલ આયોજન પ્રમાણેના બાંધકામ માટે સરકારશ્રી તરફથી અનુદાન માટે અરજી કરેલ છે.

સરકારશ્રી તરફથી આ હેતુ માટે અનુદાન મળ્યેથી કે તે સીવાય ચીલીંગ સેન્ટર બાંધકામ માટે રજીસ્ટ્રારશ્રીની મંજૂરીથી ટેન્ડર પ્રક્રિયા કરી કાર્યવાહી કરવા નિયામક મંડળને મંજૂરી આપવામાં આવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

**ઠરાવ નં. ૬: મંત્રી માટે મેડિકલ વીમા અંગે:**

આપણાં સંઘ સાથે સંયોજીત દૂધ મંડળીઓના કાયમી કર્મચારીઓને આપવાના થતાં ફરજીયાત કાયદાકીય લાભો પ્રત્યે મંડળીઓ જાગૃત થઈ સહભાગી બને તે માટે આપણાં સંઘ સાથે સંકળાયેલ તમામ સભાસદ મંડળીઓ, જે તેમના કર્મચારીઓને તમામ ફરજીયાત કાયદાકીય લાભો જેવાં કે ESIC, PF, પેન્સન, જીવનવીમા, ગ્રેજયુઈટી જે લાગુ પડતું હોય તે આપતી હોય, તેવી મંડળીના કર્મચારીઓ તેમજ તેમના પરીવારના સભ્યો માટે સંઘના કર્મચારીઓને મળતા મેડિકલ વીમા લાભ પ્રમાણે લાભ મળી શકે તે માટે જરૂરી નીતી નિયમો બનાવી કાર્યવાહી કરવા અને જરૂરી ખર્ચ કરવા નિયામક મંડળે ચેરમેનશ્રીની રજૂઆતથી કરેલ દરખાસ્ત સર્વાનુમતે મંજૂર રાખવા ઠરાવવામાં આવે છે.

"ઠરાવ સર્વાનુમતે મંજૂર"

પ્રમુખ સ્થાનેથી રજૂ થયા પ્રમાણે આજના દિવસે યોજાયેલ આપણાં સંઘના ધ્યેય નિર્ધારણ કાર્યશાળામાં જે કઈ રજૂઆતો પર કામ કરવાનું નક્કી થાય તે પ્રમાણે આયોજન કરવાની અને વર્તવાની નિયામક મંડળ વતી બાહેંધરી આપી ઉપર મુજબ ઠરાવ નં. ૧ થી ૬ કરી અન્ય કોઈ રજૂઆત કે કામકાજ ન હોવાથી આજની સભા પૂર્ણ જાહેર કરવામાં આવે છે.